સ્મૃતિ
લઈ જાય છે ભૂતકાળ તરફ
અને વર્તમાનને કરે છે
ક્યારેક સ્પંદિત
ક્યારેક આંદોલિત
ક્યારેક ક્ષુબ્ધ
તો ક્યારેક વિચલિત.
જેમ કંકર પડે જલમાં.

અલબત્ત,
અસ્થિર જલમાં નથી પડતું સ્પષ્ટ પ્રતિબિંબ.

સ્મૃતિ ક્યારેક ઉઝરડાય પાડે છે
પસાર થતાં મન પર ને
ક્યારેક યાદ પણ કરાવે છે
હૃદય પરના લોહીઝાણ ટશિયા.

સ્મૃતિ ક્યારેક સુગંધિત પણ કરે છે વર્તમાનને
કોઈ સૂકું ફૂલ મહેકી ઊઠે ડાયરીનાં પાનાં વચ્ચે, તેમ.
અને રચાય છે સુરેખ છબિ
એ મધુર સ્મરણની.

સંબંધ અને સ્મૃતિ :
કશુંય ક્યાં રચાય છે આપણી ઇચ્છાથી?

કેટલાંક સંબંધ સ્મૃતિ બને, કદી ન છૂટે
કેટલીક સ્મૃતિ સાથેનો સંબંધ
કદી ન તૂટે. ■

કૈં જ નહીં કરીનેય
દિવસ પસાર કરતાં મને ફાવી ગયું છે.
સ્વૈચ્છિક નિવૃત્તિના એ આશીર્વાદ.
અન્યથા અતિ વ્યસ્તતાની ટેવને
workoholic જેવું રૂપાળું નામ આપીને
વ્યસ્ત રહેનારાય છે.
એ લોકો કામ વગર રહી શકતા નથી.
પરિણામે કામ વગર રહેવાના સમયને
જીરવી શકતા નથી.
(કામ કરવું જ પડે તેમ હોય કે
ગમતું કામ કરીને મનને રાજી રાખવાની તક હોય
એમની વાત જુદી છે.)
ને એમના સ્વભાવમાંય પરિવર્તન આવે છે.

નિવૃત્તિ એ ક્રમ છે...
તમે ન લો તો કોઈ આપે કે અપાવે.
એ વયમર્યાદાથી વહેલી હોય કે
એ અનુસાર હોય,
એને આનંદવાનું શીખી લેવું જરૂરી.
અને એની એકમાત્ર રીત છે, સ્વીકાર.
આનંદનાં આયોજન ન હોય.
હોવું પોતે જ આનંદ. ■

એક ઉંમર હોય છે
જ્યારે ડાળ છોડીને ઊડવાની ઉતાવળ હોય છે.
એક ઉંમર આવે છે જ્યારે ડાળ યાદ આવે છે.

આમ બનવું તો સહજ છે
પણ ક્યાંક ક્યાંક
આ nostalgia વળગણ બનતું દેખાય છે.

હકીકત તો એ જ છે કે
જૂનું છૂટી જ ગયું છે,
ક્યાંક પોતે મરજીથીય છોડ્યું છે.
પણ હવે એનું વળગણ વારંવાર વલૂરવાથી વકર્યું છે.
જેમાં છીએ એને બદલે
જે હતો એ સમયખંડમાં જીવવાનો
વલવલાટ દેખાય છે.
ભૂતકાળમાં મૂળ જરૂર હોય,
પણ મહોરવાનું વર્તમાનમાં
ને ખરવાનું ભવિષ્યમાં છે.
ભૂતકાળમાંથી રસકસ ભલે પામ્યા
પણ ખીલ્યા તો વર્તમાનમાં જ ને!
તો વર્તમાન પણ યશભાગી નહીં?

હા,
માણ્યું તેનું સ્મરણ કરવું
એય છે એક લહાણું!
પણ આ વાસ્તવનેય પ્રમાણું! ■

સ્મરણ-સંહિતાનાં પાનાંનું પુનઃ પુનઃ વાચન.

સ્મરણોનો સ્વાદ મીઠો-ખટમીઠો-કડવોય હોય
પણ મન એને મમળાવે છે. કેટલીકવાર યાદ કરીને
તો ક્યારેક સાવ અનાયાસ.
મનને ગમે છે એ વહેંચવાનું.
વહેંચવાથી આનંદ વધે ને વેદના ઘટે.
કેટલીકવાર તો આ બધું ચાલતું રહે વારંવાર.
શ્રોતા બદલાય તો ય ઠીક

ને ન બદલાય તો ય ઠીક.
Repeat telecast જેવું જ કૈંક.
આપણને જોવું ગમે. કોઈને બતાવવું ય ગમે.

આપણાં લગ્નના ફોટા
આપણા વડીલોએ જોયા હોય.
સમવયસ્કો એ જોયા હોય પણ,
આપણાં બાળકોએ ન જોયાં હોય
એટલે એમને એ જોવાં ગમે.
જે નવાં ઉમેરાયા હોય પરિચિતોમાં
એમને રસ પડે. ને એ નિમિત્તે
આપણેય જોઈ લઈએ,
જીવી લઈએ એ સમય ફરી એક વાર... વારંવાર.

પુનરાવર્તનથી દઢીકરણ.
આપણે એના એ
પણ જોનાર
કોઈક વળી નવા ઉમેરાતા જાય.
ને એ વખતે જેમણે જોયાં છે એ કંટાળેય ખરાં...
તો એમને આઘા જવાની
ને પાનું ફેરવવાની છૂટ!
બાકી હું મારા ઝૂલે ઝૂલતાં
ફરીવાર જોતો રહું મારું આલ્બમ...
વાંચતો રહું મારી જ લખેલી ડાયરીનાં પાનાં રસપૂર્વક...

એને પહેલી વાર જોનાર, સાંભળનારને રસ પડે
તો આવકાર... ને પુનરાવર્તન લાગે તો નમસ્કાર.

મારો ઝૂલો..
મારું આલ્બમ...
મારી ડાયરી...
મને મુબારક! ■